**ફોજદારી કેસ નં.1079/02**

**-:આંક-૧લગત હુકમ:-**

૧. આજ રોજ કેસ રેર્કડને ધ્યાનમા લેતા આરોપી વીરૂધ્ધ સમન્સ પ્રકારનો કેસ છે આરોપીને પ્રો સેસ ઈસ્યુ કરવા છતા તે બજે અથવા વગર બજે પરત આવેલ નથી.

૨.ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પત્ર ન.૧૭૮/૧૮,તા ૨૩/૦૧/૧૮ના પરીપત્ર દવારા તથા મહે.ચીફ મેટ્રો.મેજી.સા.ના કચેરી આદેશ નં.૦૨/૧૮તા ૨૪/૦૧/૧૮અન્વયે સ્પેશ્યલ સીટીગનુ આયોજન કરી કેસોનો નિકાલ કરવાનુ જણાવવામા આવેલ છે

3.સી.આર.પી.સી કલમ -૨૫૮ વંચાણે લેતા સ્પસ્ટ છે કે ફરીયાદ પરથી દાખલ થયેલા હોય તે સિવાયના કોઈ સમન્સ કેસમા આ અદાલતને ચુકાદો ઘોષીત કર્યા સીવાય તેના કારણો નોધીને કોઈપણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકવાની સત્તા આપવામા આવેલ છે વધુમા જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામા આવે તો આરોપીને નિંદોશ ઠરાવીમુકત કરવો જોઈશે અને જો અન્ય કીસ્સામા આરોપીને છોડી મુકશે અને આવા છુટકારાથી બીન તહોમત મુકત કરવામા આવે એવી અસર થશે આ કલમ પરથી એ સ્પસ્ટ થાય છે કે જયારે મુખ્ય સાહેદનો પુરાવો લેવાયો ન હોય તો આરોપી ને મુકત કરવામા આવે ત્યારે બીન તહોમત મુકત કરવામા આવ્યા હોય તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવીષ્યમા નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનીયમ કલમ-૩૦૦(૧)અને(૫)નો બાધ આવશે નહી વધુમા આ કલમથી અદાલતને પ્રોસીડીંગ રીવાઈવ કરવાની પણ સત્તા આપવામા આવેલ છે

૪. આમ ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપી સામેનુ સમગ્ર ર્ચાજસીટ ધ્યાને લ ેતા સમન્સટાયેબલ ગુનાનો આક્ષેપ છે હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી ,ફરીયાદ કલમ-૨(ઘ)પરથી શરૂ થયેલ નથી રેર્કડ જોતા આરોપીને પોસેસ કરવા છતા બજવણી થઈ શકેલ નથી એવા સંજોગોમા હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયના હીતમા ઉચીત જણાતી ન હોય નીચે મુજબ હુકમ કરવામા આવે છે .

**-:હુ ક મ-:**

હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યરીતી અધિનીયમની ક.૨૫૮ હેઠળ બંધ રાખી આરોપીને છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે

આ કામે મુદામાલ દેશી દારૂ તથા વાહન અંગે અગાઉ જો કોઈ હુકમ થયેલ હોઈ તો મુદામાલદેશી દારૂનો અપીલ સમય વીત્યે નાશ કરવો તથા મુદામાલ વાહન આર.સી બુકની ખરાઈ કરી માલીકને પરત સોંપવો મુદામાલ નાણા સરકાર ખાલસા કરવા તે સિવાયના બાકી રહેતા બીન કીમતી મુદામાલનો નાશ કરવાનો હુકમ કરવાનો હુકમ કરવામા આવે છે.

આજ રોજ ખુલ્લી અદાલતમા હુકમ જાહેર કર્યો.

મુકામઃઅમદાવાદ

તા.22/04/૨૦૧૮

(અર્ચિત નિલમભાઈ વોરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબરઃ૧૯ , અમદાવાદ.
કોડનબરઃજીજે.૦૦૮૪૯

એમ.ટી.દેસાઈ.